# રાજપીપલાનાં મહે. બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, મુ.રાજપીપલા

**ક્રિ.કે.નં.૬૯૦/૨૦૨૬**
**આંકઃ–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

વિરુધ્ધ

**તહોમતદારઃ– સચીનભાઈ રસીકભાઈ વસાવા**

**ગુનોઃ–બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧ મુજબ**

**–:: ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે અને સમયે ગુનો કરી મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ તે અંગની ફરીયાદ નોંધાવવામાં આવેલી અને તપાસ કરી તે મુજબની ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** ચાર્જશીટ અન્વયે આરોપીએ સમન્સ કરવામાં આવતા તેની બજવણી થતા તેઓને ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ તેઓએ **આંક–૪** થી ગુનાની કબુલાત પુરશીશ આપેલ તેના સંદર્ભમાં **આંક–૩** થી તેઓનો જવાબ લેવામાં આવતા આરોપીએ ગુનાની સ્વેચ્છીક કબુલાત કરી એવું જણાવેલ છે કે, ગુનાની કબુલાત કરવા તેઓને કોઈએ કોઈપણ જાતની ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નથી.

**(૩)** આરોપીએ જે ગુના કબુલાતની પુરસીશ આપેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે તેઓ ગરીબ વ્યકિત છે. ઘરમાં તેઓ સિવાય અન્ય કોઈ કમાનાર વ્યકિત નથી, ઘરનાં તમામ વ્યકિતની ભરણપોષણની જવાબદારી તેમના પર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહી કરે તેની ખાત્રી આપેલ છે, તેમજ દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

**(૪)** આરોપીની કબુલાત પુરસીશ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ પર પ્રસિઘ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામા આવેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતાં કેસના સં જોગો લક્ષમાં લેતાં જો પુરતા કારણો જણાય તો અદાલત– ન્યુનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે.

**(૫)** વધુમાં આરોપીની કબુલાત પુરસીશને લક્ષમાં લેતાં, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆતોને લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી ગ્રામ્ય વાતાવરણમાંથી આવતાં હોય, આરોપી કુંટુંબનો આધાર હોય, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો કુંટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે,

આરોપીનાં કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુંટબીજનો થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસનાં સં જોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદાઓમાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાં તોને લક્ષમાં લેતાં આરોપીને લાંબા સમયની કેસની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય, જેથી દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહીં, આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતું જળવાશે જેથી આરોપીને તેમની સામેનાં ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા. આમ, ઉપરોકત તમામ સંજોગો, ચુકાદા અને આરોપીની કબુલાત ઘ્યાને લેતાં ઉપર મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબની સજા કરવી જોઈએ તેવું નમ્રપણે માનવું હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

– આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ ની જોગવાઈ મુજબ બી.એન.એસ.કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કુલ રૂ.૧,૦૦૦/– દંડની સજા કરવામા આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને વધુ ૫ (પાંચ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીએ કુલ રૂ.૧,૦૦૦/– (અંકે રૂ.એક હજાર પુરા/– ) દંડ ભરવો.

– આથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીનો જાત મુચરકો તથા જામીન ખત છ માસ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: રાજપીપલા**

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિંધી)**
**બીજા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**રાજપીપલા જી.નર્મદા**
**કોડ નં.જી.જે.૦૧૧૫૧**